પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૯૨ | ૧૨ જુન, ૨૦૨૨, રવિવાર; જયેષ્ઠ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# મુંબઈમાં ચોમાસાનો ધમાકેદાર પ્રારંભ

**મુંબઈમાં ચોમાસાની શરૂઆત થઈ, ભારે વરસાદનું યેલો એલર્ટ : ચોમાસું મુંબઈ સહિત કોંકણના મોટાભાગના વિસ્તારોમાં પહોંચી ગયું : ચોમાસાની શરૂઆત થતાં ગરમીથી ત્રસ્ત નાગરિકોને રાહત : ચાર દિવસ સુધી ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વરસાદની હવામાન વિભાગની આગાહી**



મુંબઈ, તા.૧૧

મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં આજથી ચોમાસાની શરૂઆત થતાં ગરમીથી ત્રસ્ત નાગરિકોને રાહત થઈ છે. હવામાન વિભાગ મુજબ દક્ષિણ પશ્ચિમ ચોમાસું મુંબઈ સહિત કોંકણના મોટાભાગના વિસ્તારોમાં અને મધ્ય મહારાષ્ટ્રના ઘણા ભાગોમાં પહોંચી ગયું છે. હવામાન વિભાગે જણાવ્યું કે મુંબઈમાં આજે ચોમાસાની સત્તાવાર શરૂઆત થઈ ગઈ છે. આ સાથે જ તેને વીકેન્ડ માટે મુંબઈમાં ભારે વરસાદનું યેલો એલર્ટ પણ આપ્યું છે.

શુક્રવારે હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દક્ષિણ પશ્ચિમ ચોમાસુ મધ્ય અરબી સમુદ્રના અન્ય ભાગો, સમગ્ર ગોવા, કોંકણના કેટલાક ભાગો અને કર્ણાટકના કેટલાક ભાગો સુધી વિસ્તર્યું છે.ત્યારે ધીમે ધીમે આગળ વધતું દક્ષિણ પશ્ચિમનું ચોમાસું ગુજરાતમાં ક્યારે પ્રવેશ કરશે તેના અંગે દરેક લોકોને ઉત્સુક્તા છે. જોકે છેલ્લા એકબે દિવસથી પ્રી મોન્સૂન એક્ટિવિટીના ભાગ રુપે દક્ષિણ ગુજરાતના વલસાડ સહિતના

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યસભાની ૧૬ બેઠકોમાંથી નવમાં ભાજપનો વિજય થયો

**કોંગ્રેસે ૫, શિવસેના-એનસીપીનો ૧-૧ બેઠકો પર વિજય**

**હરિયાણામાં ૩૧ ધારાસભ્ય હોવા છતાં કોંગ્રેસની હાર**

નવી દિલ્હી, તા.૧૧

દેશના ૧૫ રાજ્યોમાં રાજ્યસભાની ૫૭ બેઠકો માટેની દ્વિવાર્ષિક ચૂંટણી સંપન્ન થઈ ગઈ છે. આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ, બિહાર, ઝારખંડ, મધ્ય પ્રદેશ, ઓડિશા, તમિલનાડુ, તેલંગાણા, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને પંજાબમાં વિવિધ પક્ષના ૪૧ ઉમેદવારો નિર્વિરોધ ચૂંટાઈ આવ્યા હતા. જ્યારે હરિયાણા, રાજસ્થાન, કર્ણાટક અને મહારાષ્ટ્રની ૧૬ રાજ્યસભા બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપને ૯, કોંગ્રેસને ૫ તથા શિવસેના-એનસીપીને ૧-૧ બેઠકો પર વિજય મળ્યો છે.

આ ૪ રાજ્યોમાં રાજ્યસભાની ૧૬ ખાલી પડેલી બેઠકો માટે ચૂંટણી યોજવી અનિવાર્ય બની ગઈ હતી તેના કારણો જોઈએ તો સૌથી પહેલા તો હરિયાણા અને રાજસ્થાનમાં અપક્ષ ઉમેદવારો તરીકે ૨ મીડિયા દિગ્ગજોએ અચાનક જ એન્ટ્રી મારી હતી. ઉપરાંત કર્ણાટકમાં સંખ્યા ન હોવા છતાં પણ સત્તારૂઢ ભાજપ, કોંગ્રેસ અને ત્નદ્ઘ (જી) દ્વારા ચોથી બેઠક માટે પોતાનું નસીબ અજમાવવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો. મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવસેનાએ એક અતિરિક્ત એટલે કે, વધારાનો ઉમેદવાર ઉભો કરવાનો નિર્ણય લીધો હતો. આ બધા વચ્ચે હોર્સ ટ્રેડિંગના આરોપો, ધારાસભ્યોને રિસોર્ટમાં ખસેડવા, અવિરત બેઠકોનો દોર, મોડી રાત સુધી મતની ગણતરી વગેરે પરિબળોએ ૪ રાજ્યોની રાજ્યસભાની ચૂંટણી પ્રક્રિયાને રસપ્રદ વળાંક આપ્યો હતો.

રાજસ્થાનમાં રાજ્યસભાની ૪ બેઠકો ખાલી થઈ હતી અને સામે ઉમેદવારોની સંખ્યા ૫ હતી. ચૂંટણી જીતવા માટે દરેક ઉમેદવારને ૪૧ મત મળે તે જરૂરી હતું. જેમાં ૪ પૈકીની ૩ બેઠકો પર કોંગ્રેસનો અને ૧ બેઠક પર ભાજપનો વિજય થયો હતો.

હરિયાણામાં રાજ્યસભાની ૨ બેઠકો ખાલી પડી હતી અને સામે ઉમેદવારોની સંખ્યા ૩ હતી. ચૂંટણી જીતવા માટે દરેક ઉમેદવારને ૩૧ મત મળે તે જરૂરી હતું. જેમાં બંને બેઠકો પર ભાજપે બાજી મારી છે. કર્ણાટકમાં રાજ્યસભાની ૪ બેઠકો ખાલી થઈ હતી અને સામે ૬ ઉમેદવારો હતા. ચૂંટણી જીતવા માટે દરેક ઉમેદવારને ૪૫ મત મળે તે જરૂરી

● અનુસંધાન પાન-૭ પર

# રાંચીની હિંસામાં બેનાં મોતઃ ૧૨થી વધારે ઘાયલ

**શુક્રવારે જુમ્માની નમાઝ બાદ હિંસા ફાટી નીકળી હતી**

રાંચી, તા.૧૧

પયગંબર મોહમ્મદ વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણીને લઈને ભાજપ દ્વારા સસ્પેન્ડ કરવામાં આવેલા નેતા નૂપુર શર્માની ધરપકડની માંગને લઈને રાંચીમાં થયેલી હિંસામાં ૨ લોકોના મોત થઈ ગયા છે જ્યારે લગભગ ડઝનો લોકો ઘાયલ થયા છે. આ હિંસામાં આઈપીએસ અધિકારી સહીત પોલીસ કર્મચારીઓને પણ ઈજા પહોંચી હતી. ત્યારબાદ તંત્રએ મોડી સાંજે શહેરના કેટલાક ભાગોમાં કર્ફ્યુ લગાવી દીધો હતો. મૃતકોમાં ૨૨ વર્ષના મોહમ્મદ કેફી અને ૨૪ વર્ષના મોહમ્મદ સાહિલ સામેલ છે. રાંચીના સીટી એસપી અંશુમન કુમારે કહ્યું કે, બંને લોકોના ગોળી વાગવાથી મૃત્યુ થયા છે. બીજી તરરફ આ હિંસામાં ૮ તોફાનીઓ અને ૪ પોલીસ કર્મીઓ ઘાયલ થયા છે જેને રિમ્સ અને અન્ય એક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.



# નૂપુર શર્માને કાશી ધર્મ પરિષદે સમર્થન આપ્યું

લખનૌ, તા.૧૧

ઉત્તર પ્રદેશ સહિત દેશના અન્ય ક્ષેત્રોમાં જુમાની નમાજ બાદ હિંસક ઘટનાઓ જોવા મળી હતી. કાશી ધર્મ પરિષદે શુક્રવારના રોજ આ મામલે બેઠક યોજીને દેશભરમાં બનેલી હિંસાની ઘટનાઓની ટીકા કરી હતી અને તે અંગે નારાજગી વ્યક્ત કરી હતી.

**દેશ બચાવવા સંતો રસ્તા ઉપર ઊતરશે : નુપુર શર્માને દુષ્કર્મની ધમકીઓ આપનારા પર રાસુકા લગાવવા માગ**

કાશી ધર્મ પરિષદ દ્વારા તેઓ નુપુર શર્માની સાથે છે તેવું એલાન કરવામાં આવ્યું છે. સાથે જ નુપુર શર્માને દુષ્કર્મની ધમકીઓ આપનારાઓ પર રાસુકા લગાવવાની માગણી કરવામાં આવી છે.

કાશી ધર્મ પરિષદમાં એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે, ટૂંક સમયમાં જ સંતો, મહાત્માઓ અને નાગા સાધુઓ આ મામલે

● અનુસંધાન પાન-૭ પર

DJ
DIAMOND
9898318815

LED TV
રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

SHRADDHADEEP GREEN CROSS
PATHOLOGY LABORATORY (SINCE 1981)
Find Us On
Molecular Laboratory for COVID RT PCR
604-607, 6th Floor, Vrundavan Trade Center, A Wing, Nr Reliance Cross Road, Kudasan, Gandhinagar - , 7202977073
First in Gandhinagar
NABL Accredited
ICMR Approved
Reports With QR Code
Valid For Domestic & International Travel



શ્રધ્ધાદિપ ગ્રીનક્રોસ લેબોરેટરી આપના સારા સ્વાસ્થયની કામના કરે છે.
SECTOR – 7 C 8153008777
SECTOR – 16 8153008666
SECTOR – 3 8155020044
KUDASAN 8155020065
SARGASAN 7046015025
RAYSAN PDPU 9712487177
PATHAPUR 9712487177
WWW.GREENCROSSLAB.COM

## પ્રણામ



**પૂજ્ય સરોજબા**

મહાપ્રયાણ - ૫ જૂન ૨૦૨૨

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥
॥ श्रीमद भगवद गीता २:२३ ॥

આ આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી,
પાણી ભીંજવી શકતું નથી અને પવન સૂકવી શકતો નથી.
॥ શ્રીમદ ભગવદ્ ગીતા ૨:૨૩ ॥

**પૂજ્ય સરોજબાની ચેતનાને શત્ શત્ વંદન**

કલાકાર પરિવાર
**પનઘટ**
કલાકેન્દ્ર, ગાંધીનગર

પૂજ્ય સરોજબાની પ્રાર્થના સભા આજે સવારે ૮-૩૦ થી ૧૧-૦૦ દરમિયાન સેક્ટર-૧૬, રંગમંચ ખાતે રાખેલ છે.